## ફોજદારી કેસ નં. ૪૯૮૦/૧૩

**<u>-: આંક- ૧ લગત હુકમ :-</u>**

હાલની ફરીયાદ ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ- ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. જે ફરીયાદમા આંક-૧ લગત નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા **દશરથ રૂપસિહ રાઠોડ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર**માં આવેલ ચુકાદા મુજબ આરોપી જયાં રહેતો હોય તે જગ્યાએ ફરીયાદ ચાલશે તેવો હુકમ થયેલો અને તેના આધારે મારા પુરોગામી જજશ્રીએ આ ફરીયાદમા ફરીયાદ પરત સોંપવાનો હુકમ કરેલો. ત્યારબાદ ફરીયાદીએ પોતાની ફરીયાદ લઈ જઈ જે તે કોર્ટમા તેમને ફરીયાદ ૩૦ દિવસમાં રજુ કરવાની તેવો હુકમ કરેલો. આમ, આંક-૧ લગત હુકમ કરી આ ફરીયાદ ફેસલ કરેલી.

ઉપરોકત હુકમ થયા બાદ ફરીયાદીએ પોતાનો કેસ ચલાવવા સારૂ જે તે હકુમત ધરાવતી કોર્ટમા ફરીયાદ પરત લઈ ગયેલ નહી અને ત્યારબાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમા સુધારો કરવામા આવેલ અને કલમ-૧૪૨(એ) નો ઉમેરો કરવામા આવેલો અને નવા સુધારા મુજબ તેનો પાછલી અસરથી અમલ કરી જે તે કેસ અન્ય કોર્ટમા ચાલતી હોય તે તમામ ફરીયાદી જયાં ચેક જમા કરાવેલ હોય તે હકુમત ધરાવતી કોર્ટમા કેસ ચાલશે તેવો સુધારો કરવામા આવેલ છે. હાલની ફરીયાદ ફરીયાદી પરત લઈ ગયેલ નથી કે અન્ય કોર્ટમા તેઓએ કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. હાલની ફરીયાદ નામદાર મુખ્ય જીલ્લા ન્યાયાધીશ રાજકોટના કચેરી આદેશ નં.૭૬૪૫/૧૮ થી રીસ્ટોર કરવામા આવેલ છે. આ ફરીયાદ રીસ્ટોર થયા બાદ ફરીયાદી તરફે કેસની તપાસ કરવામા આવેલ નથી કે કેસ લગત કોઈ આગળની કાર્યવાહી કરવામાઅવોલ નથી. ફરીયાદીએ પોતાનો કેસ પરત ચલાવવા માટે કોઈ અરજી પણ આપેલ નથી. આમ, ફરીયાદીને યોગ્ય અને વ્યાજબી તક આપવામા આવેલ છે તેમ છતા ફરીયાદી તરફે અત્રેની કોર્ટમા કોઈ માહીતી પુરી પાડવામા આવેલ નથી. આમ, ફરીયાદીને પોતાનો કેસ ચલાવા કોઈ રસ નથી તેથી તેઓ પોતાની ફરીયાદ ચલાવવા સારૂ જે તે જયુરીડીકશનની અંદર હકુમત ધરાવતી કોર્ટમાં લઈ ગયેલ નહી અને ફરીયાદ તેમની તેમ પડી રહેલ હતી. આમ, ફરીયાદીને ફરીયાદ ચલાવવામા કોઈ રસ ન હોવાથી કોર્ટ પાસે અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચીત જણાઈ આવે છે.

**- : હુકમ :-**

ફરીયાદીની ફરીયાદ ફરીયાદીના કસુરના કારણે રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૯-૦૩-૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા. ૦૯/૦૩/૨૦૧૯

**(ઘનશ્યામ દીલીપભાઈ પડીયા)**
**બારમાં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,**
**રાજકોટ.**
**( UIC-GJ01072 )**